# Appendix-VI

## Lesson Plan-I

### ધોરણ-7

**વિષય : ગણિત**

**વિષયાંગ : બેન્ક**

**સામાન્ય હેતુઓ :**

(i) વિદ્યાર્થીઓ ગણિત વિષયનું જ્ઞાન મેળવે.

(ii) વિદ્યાર્થીઓ ગણિત વિષયની સમજ કેળવે.

(iii) વિદ્યાર્થીઓ વિવેચન કરવાનું કૌશલ્ય કેળવે.

(iv) વિદ્યાર્થીઓ સર્જનાત્મક રીતે વિચારવાનું કૌશલ્ય કેળવે.

**વિશિષ્ટ હેતુઓ :**

(i) બેન્કની ઉપયોગિતા જાણે છે.

(ii) વિદ્યાર્થીઓ ખાતાઓના વિવિધ પ્રકાર જાણે છે.

(iii) વિદ્યાર્થીઓ બેન્ક સાથેના વ્યવહારો વિશે જાણે છે.

**Objectives of Teaching Thinking :**

(i) વિદ્યાર્થીઓ PMI, CAF, APC, C&Sનો ઉપયોગ કરી શકે છે.

(ii) વિદ્યાર્થીઓ (સ્વતંત્ર રીતે વિચાર કરે છે($S_1$), વિદ્યાર્થીઓ હકીકત, માન્યતાનું સ્પષ્ટીકરણ કરી શકે છે($S_4$), વિદ્યાર્થીઓની આંતરસૂઝ સંક્રમ થાય છે($S_3$)) નો ઉપયોગ કરી શકે છે.

**વિષયાભિમુખ**

(1) ખેડૂત ખેતી કરીને શું પકવે છે? ($S_1$,$S_3$)


(2) ખેડૂત અનાજ વેચીને શું મેળવે છે? ($S_1$,$S_3$)

(3) ખેડૂત બચત કરવા પૈસા ક્યાં મૂકે છે? ($S_1$,$S_3$)

| શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ |
|---|---|
| (1) બેન્કમાં મુખ્યત્વે શેનો વ્યવહાર કરવામાં આવે છે? ($S_1$) | સ્વતંત્ર રીતે જવાબ આપશે. |
| (2) બેન્કમાં કઇ-કઇ જરૂરિયાતોતે ધ્યાનમાં રાખીને લોન આપે છે? (CAF, $S_1$,$S_3$) | જરૂરિયાતો વિશે જણાવે છે. |
| (3) અંગત કીમતી ચીજવસ્તુઓની સલામતી માટેના વિકલ્પો જણાવો. (APC, $S_1$,$S_3$) | વિકલ્પો જણાવશે. |
| (4) વિમાના પ્રિમીયમ, વીજળીનું બિલ, ટેલિફોનનું બિલ, વિદ્યાર્થીઓની ફી વગેરે ભરપાઇ કરવાના સ્થાનો જણાવો. (APC, $S_1$) | સ્થાનો વિશે જણાવશે. |
| (5) બેન્કમાં ખાતુ ખોલાવનારને શું કહેવાય છે? ($S_1$) | જવાબ આપશે. |
| (6) બેન્કના મુખ્ય ખાતાઓ જણાવો. ($S_1$) | ખાતાઓ જણાવશે. |
| (7) પાસબુક કોને કહેવાય? ($S_1$) | જવાબ આપશે. |

| શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ |
|---|---|
| (8) બેરર ચેકના ગુડ પોઈન્ટ (ફાયદા) અને બેડ પોઈન્ટ (ગેરફાયદા) જણાવો. (PMI) | PMIના આધારે જવાબ આપશે. |
| (9) કયા પ્રકારના ચેકના નાણાં રોકડા મળતા નથી. ($S_1$) | જવાબ આપશે. |
| (10) ઓર્ડર ચેક અને ક્રોસ્ડ ચેકની માહિતી S&Dના સંદર્ભમાં આપો. | S&Dના સંદર્ભમાં માહિતી આપશે. |
| (11) ચેક બુક મેળવવા માટે બેન્કમાં ખાતું હોવું જરૂરી છે. શા માટે? ($S_4$) | જવાબ આપશે. |
| (12) ATM કાર્ડનું પુરું નામ જણાવો. ($S_1$) | જવાબ આપશે. |

**મૂલ્યાંકન કસોટી : જાતે કરો.**




| આડી ચાવી | ઉભી ચાવી |
|---|---|
| (1) બેન્કની સુવિધાઓનો લાભ લેવા બેન્કમાં _____ ખોલાવવું પડે છે. | (1) બેન્કમાં ખાતુ ખોલાવનારને ____ કહે છે. |
| (2) સૌથી વધુ જોખમી ચેક _____ છે. | (2) નાણાંનો વ્યવહાર કરતી સંસ્થા ____ છે. |
| (3) _____ ખાતામાં મુદ્દત પહેલા નાણાં ઉપાડવાથી ઓછું વ્યાજ મળે છે. | (6) સેવિંગ્સ ખાતાને _____ પણ કહે છે. |
| (4) નાણાં ઉપાડવા ઉપાડચિઠ્ઠી સિવાય _____ નો ઉપયોગ કરી શકાય છે. | (7) બાંધી મુદ્દતના ખાતામાં વ્યાજ _____ આધારિત હોય છે. |
| (5) બેન્ક વાહન ખરીદવા માટે _____ આપે છે. | (8) બેન્ક સાથેના નાણાંકીય વ્યવહારની નોંધ રાખવાની ચોપડીને _____ કહે છે. |

**સ્વાધ્યાય કાર્ય** : કાર્ડ પેપરમાંથી ચેકનો નમૂનો બનાવવો.

# Lesson Plan-II

## ધોરણ-7

**વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી**

**વિષયાંગ : રોજીંદા જીવનમાં વિજ્ઞાન**

**સામાન્ય હેતુઓ :**

★ વિદ્યાર્થીઓ સર્જનાત્મક અને વિવેચનાત્મક દષ્ટિએ વિચારવું કૌશલ્ય કેળવે

★ વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનું જ્ઞાન મેળવે.

★ વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની સમજ કેળવે.

1.7.1 સંદેશા વ્યવહાર ક્ષેત્રે થયેલી પ્રગતિ વિશે જાણે છે.

1.7.2 વાહન વ્યવહાર ક્ષેત્રે થયેલી પ્રગતિ જાણે છે.

**વિશિષ્ટ હેતુઓ :**

(1) વિદ્યાર્થીઓ PM1,APC, CAF અને C&S જેવા thinking toolsનો ઉપયોગ કરી શકશે.

(2) વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે વિચાર કરે છે. ($S_1$)

(3) વિદ્યાર્થીઓ અતીસરલીકરણથી અટકે. ($S_2$)

(4) વિદ્યાર્થીઓ હકીકત, માન્યતાનું સ્પષ્ટીકરણ કરી શકે છે. ($S_4$)

(5) વિદ્યાર્થીઓની આંતરસૂઝ સંક્રમણ થાય છે. ($S_3$)

**શિક્ષક વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી માટે પ્રશ્નોત્તરી કરશે :**

(1) સંદેશો એટલે શું? ($S_1$)

(2) પહેલાના જમાનામાં સંદેશો મોકલવા કોનો ઉપયોગ થતો હતો? ($S_3$)

(3) સંદેશો એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવો તેને શું કહેવાય? ($S_3$)

| શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ |
|---|---|
| (1) વિજ્ઞાનની શોધના કારણે તાલીમબદ્ધ પશુ-પક્ષીની જગ્યાએ કયા સાધનો સંદેશો વ્યવહાર માટે અસ્તિત્વમાં આવ્યા? (APC, $S_1$,$S_3$) | વિદ્યાર્થી જવાબ આપશે. (APC, $S_1$,$S_5$) |
| (2) ટેલિવિઝન એ કેવું સાધન છે? ($S_1$,PMI) | $S_1$,PMI સંદર્ભમાં જવાબ આપશે. |
| (3) ટેલિવિઝનની ઉપયોગિતાના સંદર્ભમાં PMI કરો. | PMI ના આધારે ઉત્તર આપશે. |
| (4) જે જગ્યાએ વીજળીની સગવડ ન હોય ત્યાં સંદેશો પહોંચાડવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે. (CAF,$S_1$,$S_3$) | વિચારીને ઉત્તર આપશે. (CAF, $S_1$,$S_3$) |

| શિક્ષકની પ્રવૃત્તિ | વિદ્યાર્થીની પ્રવૃત્તિ |
|---|---|
| (5) ટપાલ સિવાય સંદેશો મોકલવાના વિકલ્પો જણાવો. (APC) | APC આધારિત જવાબ આપશે. |
| (6) સચિત્ર સંદેશો મોકલવા કયા સાધનનો ઉપયોગ થાય છે? ($S_1$,$S_4$) | $S_1$,$S_4$ના સંદર્ભમાં જવાબ આપશે. |
| (7) સેલ્યુલર ફોન-સેટેલાઇટ ફોનની માહિતી S&D ના સંદર્ભમાં જણાવો. | S&Dના સંદર્ભમાં માહિતી આપશે. |
| (8) સમાચારપત્રો અને સમાયિકો સિવાય મોટા સમૂહને સંદેશો પહોંચાડવાના સાધનો જણાવો. (APC) | APC ના સંદર્ભમાં સાધનો જણાવશે. |
| (9) કોન્ફરન્સિંગનો એટલે શું ? ($S_1$,$S_3$) | જવાબ આપશે. |
| (10) કોન્ફરન્સિંગનો ઉપયોગ શિક્ષણ જગતમાં વધુ થાય છે. તેની અસરો સમજાવો. (C&S) | C&Sના સંદર્ભમાં સમજૂતિ આપશે. |
| (11) વાહન વ્યવહાર માટેના સાધનો જણાવો. ($S_1$) | સાધનો જણાવશો. |
| (12) પેટ્રોલ-ડીઝલની બચત કરવા કયા પ્રકારની ઊર્જાથી ચાલતા વાહનો વાપરવાની ફરજ પડી શકે? (APC) | APCના સંદર્ભમાં માહિતી આપશે. |
| (13) S&Dના સંદર્ભમાં ઈલેક્ટ્રીક એન્જિનવાળી ટ્રેન અને મેગ્નેટ ટ્રેન વિશે સમજૂતિ આપો. | S&Dના સંદર્ભમાં સમજૂતિ આપશે. |
| (14) વિમાન કે હેલિકોપ્ટરનો ઉપયોગ શા માટે કરવામાં આવે? ($S_1$,$S_5$) | જવાબ આપશે. |
| (15) પૃથ્વીના ગુરૂત્વકર્ષની બહાર અવકાશમાં મુસાફરી કરવા કયા વાહનો અસ્તિત્વમાં આવ્યા? (APC) | APCના સંદર્ભમાં જવાબ આપશે. |
| (16) જળમાર્ગથી મુસાફરી માટે કયા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. (CAF, APC) | જવાબ આપશે. |

★ **મુલ્યાંકન કસોટી** : નીચે આપેલા સાધનોનું સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના સાધનોમાં વર્ગીકરણ કરો. (CAF,$S_1$,$S_5$)

★ ટપાલ, ટેલિગ્રામ, ટ્રેકટર, રેડિયો, સ્ટીમટ્રેન, એરબસ-380, ફેક્સ, ઈલેક્ટ્રિક ટ્રામ, સેટેલાઇટ ફોન, હોવરક્રાફ્ટ, મેગ્નેટ ટ્રેન

★ **સ્વાધ્યાય** : તમે જોયેલા સંદેશા વ્યવહારના સાધનો અને વાહન વ્યવહારના સાધનોના ચિત્રો મેળવી ચાર્ટ બનાવો. (CAF,$S_1$,$S_3$)